જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૧૫/૧૧/૨૦૨૦ રવિવાર

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

## અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :-

સમાચાર યાદી નં.૧૯૭૯/૨૦૨૦

**Covid-19 સંક્રમણ નિયંત્રણ અન્વયે લેવામાં આવેલ કાયદાકીય કાર્યવાહી અંગેની તા.૧૪/૧૧/૨૦૨૦ કલાક ૦૦/૦૦ થી કલાક ૨૪/૦૦ સુધીની માહીતી નીચે મુજબ છે.**

પત્રક-૧

લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત

| અ.નં | ગુન્હાનો પ્રકાર | નોધાયેલ FIR ની સંખ્યા | | | અટક કરેલ આરોપીની સંખ્યા | | |
|---|---|---|---|---|---|---|---|
| | | ગઈ કાલ સુધીની સંખ્યા | આજની સંખ્યા | કુલ | ગઈ કાલ સુધીની સંખ્યા | આજની સંખ્યા | કુલ |
| ૧ | કલમ ૧૮૮ કલમ ૧૩૫ GP ACT 1951 | ૧૦૬૯૮ | ૧ | ૧૦૬૯૯ | ૧૬૮૩૨ | ૧ | ૧૬૮૩૩ |
| ૨ | કલમ ૨૬૯,૨૭૦ અને ૨૭૧ IPCઅને The Epidemic Disease Act 2005 | ૪૩૪૬ | ૦ | ૪૩૪૬ | ૫૮૬૧ | ૦ | ૫૮૬૧ |
| 3 | કલમ ૧૪૩,૧૪૪,૧૪૫ વિગેરે (હંગામો) | ૫૨ | ૦ | ૫૨ | ૨૨૬ | ૦ | ૨૨૬ |
| ૪ | Disaster Management Act 2005 હેઠળના ગુન્હાઓ | ૧૫૩૫૬ | ૦ | ૧૫૩૫૬ | ૧૬૧૯૯ | ૦ | ૧૬૧૯૯ |
| | કુલ | ૩૦૪૫૨ | ૧ | ૩૦૪૫૩ | ૩૯૧૧૮ | ૧ | ૩૯૧૧૯ |

| પત્રક-૨ | | | |
|---|---|---|---|
| લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત | | | |
| અ.નં | જીલ્લા/શહેરનુ નામ | કલમ ૨૦૭ MV Act 1988 હેઠળ ડિટેઈન કરેલ વાહનોની સંખ્યા | MV Act 1988 હેઠળના નિયમ ભંગ કરનાર વાહન ચાલકો પાસેથી વસુલવામાં આવેલ દંડની રકમ |
| ૧ | અમદાવાદ શહેર | ૨ | ૪૮,000/- |

| પત્રક-3 | | | |
|---|---|---|---|
| જાહેર સ્થળોએ તથા પરિવહન વખતે માસ્ક નહી પહેરવા અંગે તથા જાહેરમાં થુકવા બાબતની વિગત | | | |
| અ.નં | જીલ્લા/શહેરનુ નામ | દંડિત થયેલ વ્યક્તિઓની સંખ્યા | વસુલ કરવામાં આવેલ દંડની રકમ |
| ૧ | અમદાવાદ શહેર | ૮૧ | ૮૧,000/- |

# ચોરીના ગુનાના આરોપીની અટકાયતની વિગત

**ઇસનપુર પોલીસ સ્ટેશન :**

## નજર ચુકવી ભીડનો લાભ લઇ પર્સની ચોરી કરતા એક મહીલા તથા એક પુરૂષને પકડી પાડી કારંજ પોલીસ સ્ટેશનનો ચોરીનો ગુનો શોધી કાઢતી ઇસનપુર પોલીસ

મે.પોલીસ કમિશ્નર સા.શ્રી અમદાવાદ શહેર તથા મે.સંયુકત પોલીસ કમિશ્નર શ્રી સેકટર-૨ સાહેબ તથા મે.નાયબ પોલીસ કમિશ્નર ઝોન-૬ સાહેબ તથા મે.મદદનીશ પો.કમિ.શ્રી “જે” ડીવીજન સાહેબ નાઓ તરફથી મિલ્કત સબંધી ગુનાઓ બનતા અટકાવવા તથા વણ શોધાયેલ મિલ્કત સંબંધી ગુનાઓ શોધી કાઢવા અવાર-નવાર સુચનાઓ મળતી હોય જે બાબતે પોલીસ ઇન્સપેક્ટર શ્રી જે.એમ.સોલંકી ઇસનપુર પોલીસ સ્ટેશનનાઓના સિધા માર્ગદર્શન અને સુચના મુજબ સર્વેલન્સ સ્કોડના પો.સબ.ઇન્સ કે.એમ.ચાવડાનાઓ સર્વેલન્સ સ્કોડના માણસો સાથે પોલીસ સ્ટેશન વિસ્તારમા પેટ્રોલીંગમા ફરતા હતા દરમ્યાનમા તા.૧૩/૧૧/૨૦૨૦ ના કલાક ૧૬/૩૦ વાગે ઇસનપુર ચંડોળા તળાવ ખોડીયાર માતાના મંદિરની પાછળથી અ.પો.કો અમીતકુમાર દાનાભાઇ તથા લોકરક્ષક ભરતભાઇ લક્ષ્મણભાઇ તથા લોકરક્ષક મહાવીરસિંહ રણજીતસિંહની સયુક્ત બાતમીથી આરોપીઓ (૦૧) સુનિલ ઉર્ફે બબલુ મહેન્દ્રભાઇ ભવર(મરાઠી) ઉ.વ ૨૩ રહે બ્લોક નં.૩૬ ગ્રાઉન ફ્લોર વટવા ચાર માળીયા દુર્ગાનગરની સામે વટવા અમદાવાદ શહેરનાનો હોવાનુ જણાવેલ સદરીની અંગ જડતી તપાસ કરતા સદરીની પાસેથી રોકડા નાણા રૂપીયા ૧૮,૦૦૦/- મળી આવેલા તેમજ નં.(૨) રૂપાબેન વા/ઓ મહેશભાઇ કીશોરભાઇ દંતાણી (દેવી પુજક) ઉ.વ ૧૯ રહે બ્લોક નં.૩૦ બીજો માળ વટવા ચાર માળીયા દુર્ગાનગરની સામે વટવા અમદાવાદ શહેરનાઓને રોકડા રૂપિયા ૨૨,૦૦૦/-સાથે પકડી પાડી કારંજ પોલીસ સ્ટેશન ગુના નં પાર્ટ-એ-૧૧૧૯૧૦૨૭૨૦૧૦૮૮/૨૦૨૦ ઇપીકો કલમ ૩૭૯ મુજબનો ગુનો શોધી કાઢેલ છે. તા.૧૪/૧૧/૨૦૨૦

# જરૂરીયાતમંદ બાળકો સાથે દિવાળીની ઉજવણીની વિગત

## રામોલ પોલીસ સ્ટેશન :

રામોલ પોલીસ સ્ટેશન ખાતે આજુબાજુમાં રહેતા જરૂરીયાત મંદ બાળકો સાથે દિવાળીના પર્વ ની ઉજવણી કરવામાં આવી.









## નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૧૯૮૦/૨૦૨૦

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૧૦ કેસ કરી, ૧૧ વ્યક્તિઓને ઝડપી ૨ બોટલ ઈંગ્લીશ દારૂ અને ૧ સ્કુટર કબજે કર્યુ હતુ. તેમજ જુગાર ધારા હેઠળ ૩ કેસ કરી ૧૬ વ્યક્તિઓની અટકાયત કરી રોકડ રૂપિયા ૬૫,૦૨૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

## તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૧૯૮૧/૨૦૨૦

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૭૩ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૧ વ્યક્તિની અને પાસા હેઠળ ૪ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

## વિશ્વાસઘાત અને છેતરપીંડી : સમાચાર યાદી નં.૧૯૮૨/૨૦૨૦

**ઓઢવ** : ઇશાક શમશુદીન શાહ (ઉ.વ.૨૫)(રહે.ગોકુલધામ, કુરૂદ ભીલાઇ, થાના-જામુલ, જી-દુર્ગ રાજ્ય-છતીસગઢ) એ તા.૧૪/૧૧/૨૦૨૦ નારોજ ઓઢવ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૦૯/૧૧/૨૦૨૦ કલાક ૮/૦૦ થી આજદીન સુધીના સમયગાળા દરમ્યાન ઓઢવ પામ હોટલની પાસે આવેલ ક્રિષ્ના એસ્ટેટ શેડ નંબર-૩૪૨ અંબીકા મેટલ્સ કંપનીમાં આરોપી પાર્થ ભાવસાર (અંબીકા મેટલ્સના માલીક) એ ઇશાકભાઇએ આપેલ ઓર્ડર મુજબ એલ્યુમિનિયમની પ્લેટોનો માલ નહી આપી તેમજ માલના લેણા રૂપિયા ૩૫,૮૭,૧૭૬/- નહી આપી, ઇશાકભાઇ સાથે વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી આર.એ.ઝાલા ચલાવે છે.

## ઘરફોડ : સમાચાર યાદી નં.૧૯૮૩/૨૦૨૦

**સરખેજ** : સલમાન સલીમભાઈ પંજા (રહે.સેકન્ડ ફ્લોર ફરહા કોમ્પલેક્ષ રસુલાબાદ શાહઆલમ દાણીલીમડા) એ સરખેજ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૧૩/૧૧/૨૦૨૦ સાંજના ૭/૩૦ થી તા.૧૪/૧૧/૨૦૨૦ કલાક ૧/૩૦ વાગ્યા દરમ્યાન સરખેજ સાગર એસ્ટેટ બોમ્બે-ગુજરાત ટ્રાન્સપોર્ટ ગોડાઉન નં.૧૨ નું તાળુ તોડી, અજાણી વ્યક્તિ ગોડાઉનમાં પ્રવેશ કરી, ગોડઉનમાથી સબ મર્સીબલ પંપના સ્પેરપાર્ટ્સ ભરેલ કુલ ૦૫ કાર્ટુન(બોક્ષ) કિંમત રૂપિયા ૪૦,૦૦૦/- અને પ્યોરરૂટ્સ હર્બલ કંપનીની કોસ્મેટીકની વસ્તુ ભરેલુ ૦૧ કાર્ટુન(બોક્ષ) કિમત રૂપિયા ૪૦૦૦/- મળી કુલ રૂપિયા ૪૪,૦૦૦/- ચોરી કરી લઈ ગઇ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી વી.ડી.ડોડીયા ચલાવે છે.

**ઓઢવ** : અમીતકુમાર લાલચંદ કેવટ (રહે.વૈભવનગર સોસાયટી, પુષ્પક રેસીડન્સી પાસે, આદીનાથનગર, ઓઢવ) એ ઓઢવ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૧૩/૧૧/૨૦૨૦ રાતના ૯/૩૦ થી તા.૧૪/૧૧/૨૦૨૦ સવારના ૬/૩૦ વાગ્યા દરમ્યાન અમીતકુમારના પિતરાઈ ભાઈ કમલકુમાર રાજનારાયણ બીંદ (રહે.બંગલા નં-૧૪, શીવ બંગ્લોઝ, સોમનાથ સોસાયટીની પાછળ સીગરવા ગામ) નાઓના મકાનના દરવાજાનું તાળુ તોડી, અજાણી વ્યક્તિ મકાનમાં પ્રવેશ કરી, તીજોરીના લોકરમાંથી (૧) સોનાની વીંટી કિંમત રૂપિયા ૨૫,૦૦૦/- (૨) ચાંદીની પાયલ કિંમત રૂપિયા ૭,૦૦૦/- મળી કુલ રૂપિયા ૩૨,૦૦૦/- ચોરી કરી લઈ ગઇ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી વી.બી.ચૌહાણ ચલાવે છે.

## <u>સોનાની ચેઈન ખેચી તોડી લઈ ગયાઃ</u> <u>સમાચાર યાદી નં.૧૯૮૪/૨૦૨૦</u>

**નરોડા** : ચેતનભાઈ શંભુદાનભાઈ ગઢવી (ઉ.વ.૪૯)(રહે.પુલીન-૧ ટેનામેંન્ટ, પાયલનગર, નરોડા) તા.૧૪/૧૧/૨૦૨૦ રાતના ૧૦/૦૦ વાગ્યાના સુમારે પાયલનગર બગીચાથી પુલીન સોસાયટી બાજુ જતા રસ્તા પર ચાલતા પસાર થઈ રહ્યા હતા ત્યારે એકટીવા ઉપર આવેલ પુરૂષ ચેતનભાઇનાના ગળામાંથી સોનાની ચેઇન કિંમત રૂપિયા ૨૦,૦૦૦/- ખેચી તોડી લઈ નાસી ગયો હતો. આ અંગેની ફરીયાદ ચેતનભાઇ ગઢવીએ નરોડા પોલીસ સ્ટેશન ખાતે નોંધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એ.એમ.પટેલ ચલાવે છે.

## <u>આત્મહત્યાઃ-</u> <u>સમાચાર યાદી નં.૧૯૮૫/૨૦૨૦</u>

**એરપોર્ટ** : દિપજી ભુપતસિંહ ઠાકોર (ઉ.વ.૩૦)(રહે.વણજારાવાસ સરદારનગર) એ અગમ્ય કારણસર તા.૧૪/૧૧/૨૦૨૦ કલાક ૧૧/૪૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે પંખા સાથે સાડી બાધી ગળેફાસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે એરપોર્ટ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી ચંદુભાઇ નાનજીભાઇ ચલાવે છે.

**નરોડા** : મનીષભાઇ દીલીપભાઇ ભાટીયા (ઉ.વ.૩૩)(રહે.સર્વોપરી ફ્લોરા વિભાગ-૦૧ હંસપુરા નરોડા) એ અગમ્ય કારણસર તા.૧૩/૧૧/૨૦૨૦ સવારના ૭/૦૦ થી તા.૧૪/૧૧/૨૦૨૦ સવારના ૮/૦૦ વાગ્યા દરમ્યાન પોતાના ઘરે પંખા સાથે દોરી બાધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે નરોડા પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ હે.કો.શ્રી અરવિંદસિંહ ભીમસિંહ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી